ગુજરાત મુલ્કી સેવાઓ (ખાતાકીય પરીક્ષાને સંબંધી સેવાની શરતો) (સામાન્ય) નિયમો, ૨૦૧૫ અંગે સ્પષ્ટતાઓ કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંક : ખતપ-૧૦૨૦૨૧-૪૩૦-ક

સચિવાલય, ગાંધીનગર

તા.૦૩/૦૯/૨૦૨૧

વંચાણે લીધા :

(૧) સા.વ.વિ.ના તા.૩૧/૦૩/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક : જીએસ/૨૦૧૫/૧૨-એ/કેટીપી/૧૦૨૦૧૪/૧૫૦૯/ક

(૨) સા.વ.વિ.ના તા.૦૭/૧૦/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક : જીએસ/૨૦૧૫/૩૪/કેટીપી/૧૦૨૦૧૪/૧૫૦૯/ક

(૩) સા.વ.વિ.ના તા.૦૧/૧૧/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક : જીએસ/૨૦૧૯/૩૨/કેટીપી/૧૦૨૦૧૪/૧૫૦૯/ક

## પરિપત્ર

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવાઓ (ખાતાકીય પરીક્ષાને સંબંધી સેવાની શરતો) (સામાન્ય) નિયમો, ૨૦૧૫ ઘડવામાં આવેલ છે. જેના એપેન્ડીક્સ-એ માં દર્શાવેલ પગારધોરણની જગ્યા ક્લાર્ક, વર્ગ-૩(પે બેન્ડ ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૧૯૦૦)ની જગ્યામાંથી સીનીયર ક્લાર્ક, વર્ગ-૩(પે બેન્ડ ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૪૦૦)ની જગ્યા પર બઢતી માટે નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા, અને સીનીયર ક્લાર્ક, વર્ગ-૩(પે બેન્ડ ૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૪૦૦)ની જગ્યામાંથી હેડ ક્લાર્ક, વર્ગ-૩(પે બેન્ડ ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે રૂ.૪૨૦૦)ની જગ્યા પર બઢતી માટે ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા પાસ કરવા અંગેનાં નિયમો નિયત થયેલ છે. તેમજ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) ના જાહેરનામાથી ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) ના જાહેરનામાથી થયેલ જોગવાઈઓ તેના પરિશિષ્ટ-કમાં દર્શાવેલ જગ્યાઓ અને પગારધોરણોને સમકક્ષ ખાતાનાં વડાઓની માત્ર વહીવટી કામગીરી ધરાવતી જગ્યાઓને લાગૂ પડશે તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) ના જાહેરનામાથી ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) ના

જાહેરનામાના નિયમ-૪ માં જુનીયર કારકુન કે સીનીયર કારકુન સંવર્ગના કર્મચારીઓ તેઓની જે તે સંવર્ગમાં મૂળ નિમણૂંક થયેથી બે વર્ષની સેવા પૂર્ણ કરેલ હોય તો જ તેઓ સંબંધિત ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે તે મુજબનો સુધારો કરવામાં આવેલ છે, તદ્ઉપરાંત ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) ના જાહેરનામાના નિયમ-૫(ગ) મુજબ કોઇપણ વ્યક્તિએ હાલની જગ્યા માટેની તાલીમાંત પરીક્ષા પાસ કરી હોય કે આ તાલીમાંત પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવી હોય તે સિવાય સંબંધિત ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર બનશે નહીં તે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. તાજેતરમાં કેટલીક ખાતાના વડાની કચેરીઓ દ્વારા તાલીમાંત પરીક્ષા પાસ કરેલી ન હોય પરંતુ મૂળ નિમણૂંક થયેથી બે વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા કર્મચારીઓ પણ આ ગુજરાત મુલ્કી સેવાઓ (ખાતાકીય પરીક્ષાને સંબંધી સેવાની શરતો) (સામાન્ય) નિયમો, ૨૦૧૫ હેઠળ નિયત થયેલ ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે છે તે મુજબનું અર્થઘટન કરી આવા તાલીમાંત પરીક્ષા પાસ ન કરેલ કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર ગણી તેઓનાં અરજી પત્રકો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલી આપવામાં આવેલ હોવાનું અત્રે ધ્યાને આવેલ છે. જે બાબત આ ગુજરાત મુલ્કી સેવાઓ (ખાતાકીય પરીક્ષાને સંબંધી સેવાની શરતો) (સામાન્ય) નિયમો, ૨૦૧૫ ની મૂળ જોગવાઇઓ સાથે બિલકુલ સુસંગત નથી.

૩. આથી તમામ ખાતાના વડાઓની કચેરીઓ દ્વારા સા.વ.વિ.ના આ ગુજરાત મુલ્કી સેવાઓ (ખાતાકીય પરીક્ષાને સંબંધી સેવાની શરતો) (સામાન્ય) નિયમો, ૨૦૧૫થી થયેલ જોગવાઇઓ અન્વયે સંબંધિત ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે જે તે કર્મચારીની જરૂરી પાત્રતા અંગે સમાનપણે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે માટે આ જોગવાઇઓની <u>સરળ સમજ માટે નીચે મુજબની સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.</u>

(૧) જુનિયર કારકુન સંવર્ગમાં નિમણૂંક પામેલ કર્મચારી તેની મૂળ નિમણૂંક થયેથી બે વર્ષની સેવા પૂર્ણ કરે <u>અને</u> જુનિયર કારકુન સંવર્ગમાં નિયમિત થવા માટે નિયત થયેલ તાલીમાંત પરીક્ષા પાસ કરે કે આ તાલીમાંત પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવે ત્યારબાદ જ તે કર્મચારીને સીનીયર કારકુન સંવર્ગમાં બઢતી માટેની નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર ગણવાના રહેશે.

તે જ પ્રમાણે સીનીયર કારકુન સંવર્ગમાં નિમણૂંક પામેલ કર્મચારી તેની મૂળ નિમણૂંક થયેથી બે વર્ષની સેવા પૂર્ણ કરે <u>અને</u> સીનીયર કારકુન સંવર્ગમાં નિયમિત થવા માટે નિયત થયેલ તાલીમાંત પરીક્ષા પાસ કરે કે આ તાલીમાંત પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવે

ત્યારબાદ જ તે કર્મચારીને મુખ્ય કારકુન સંવર્ગમાં બઢતી માટેની ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર ગણવાના રહેશે.

(૨) જુનિયર કારકુન સંવર્ગમાં નિમણૂંક પામેલ કર્મચારી જરૂરી પાત્રતા ધરાવતા થયેથી માત્ર સીનીયર કારકુન સંવર્ગમાં બઢતી માટેની નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. આ જુનિયર કારકુન સંવર્ગના કર્મચારી તેઓને સીનીયર કારકુન સંવર્ગમાં ખરેખર બઢતીથી નિમણૂંક મળ્યા બાદ જરૂરી પાત્રતા ધરાવતા થયેથી જ મુખ્ય કારકુન સવર્ગમાં બઢતી માટેની ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ બિહોલા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- માન. મંત્રીશ્રી / માન. રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ GSWAN પર સા.વ.વિ./ક-શાખાનાં પરિપત્ર સંગ્રહમાં આ પરિપત્ર અપલોડ કરવા જરૂરી કાર્યવાહી કરવા સારુ.

- ❖ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- ❖ એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
- ❖ સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
- ❖ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ❖ રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ❖ સચિવાલયના સર્વે વિભાગો(સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).
- ❖ એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
- ❖ નાયબ સેકશન અધિકારી - સિલેકટ ફાઇલ
- ❖ સિલેકટ ફાઇલ.

---

➢ પત્ર દ્વારા.